સ. શિ. પ. / માર્ચ ૦૬ /૧૮૧

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પ્રાજ્ઞ : તૃતીય ખંડ
## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] રવિવાર, ૫ માર્ચ, ૨૦૦૬ કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે.
૨. 'ઘોડેસવાર તથા પાણિયારી'ના દૃષ્ટાંત અને સિદ્ધાંત દ્વારા સ્પષ્ટ થતો બોધ.
૩. નિર્વિકલ્પ નિશ્ચયનાં પ્રકાર અને સ્વરૂપ.
૪. એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા, દેવ જેવા ન જાણવા કેમ જે એવી ક્રિયા દેવ-મનુષ્યને વિષે હોય નહિ.
૫. સોનાના દોરાના દૃષ્ટાંતે દૃઢ હરિભક્તની સ્થિતિ જણાવો.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. તેમ જે સંતની મોટાઈ .............. અવગુણ તો કોઈ રીતે લે જ નહિ.
૨. એવી રીતે ભગવાન ને .................. સેવા કર્યાનું ફળ છે.
૩. જેને પોતાનું કલ્યાણ .................. દાસાનુદાસ થઈ રહેવું.
૪. એક દ્રવ્યાદિકનો લોભ .................. સુખ તો ક્યારેય થાય જ નહિ.
૫. તે શ્રુતિમાં કહ્યું છે .................. તેને પ્રાપ્ત થાય છે.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના 'વચનામૃત'નો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** ૪

(૧) પંચવિષયનો અભાવ
(૨) માહાત્મ્યસહિત ભક્તિ





**('સનાતન ધર્મ અભિગમ' પુસ્તકના આધારે)**

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર નોંધ લખો.** ૨૦

૧. પુનર્જન્મ અંગે વિશ્વના ધર્મોની માન્યતા અને પાશ્ચાત્ય અવિશ્વાસ
૨. આહારશુદ્ધિ અને શાકાહારના ફાયદા
૩. નિષ્કામી થવાના ઉપાય

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૨, ૩ અને ૪' નવી આવૃત્તિના આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. શ્રીહરિનાં ચરિત્રો દ્વારા વ્યક્ત થતી સર્વોપરીતા
૨. શ્રીહરિએ કરેલ સમાજની કાયાપલટ
૩. શ્રીહરિનાં પરમહંસોની સહનશક્તિ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે ટૂંકનોંધ લખો.** ૨૦

૧. કુશળકુંવરબાની ભક્તિ
૨. એભલ બાપુની ખેતી સાચવવી - ભક્તિની નવી રીત
૩. આણંદમાં ઉપાધિ
૪. એક પત્ર દ્વારા અઢારને સાધુદીક્ષા